# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM - NAMO VAD VAN MULAKAT

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં 'નમો વડ વન'ની નિરીક્ષણ મુલાકાત લઈ અહીં વૃક્ષારોપણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ અહીં વાવવામાં આવેલા ફૂલ-છોડ રોપાઓ તથા અન્ય વ્યવસ્થાઓની માહિતી મેળવી હતી.

ગાંધીનગરમાં એક હેક્ટર વિસ્તારમાં નિર્માણ થયેલા 'નમો વડ વન'માં વિવિધ પ્રજાતિઓના નાના-મોટા રોપા અને ફૂલ-છોડ વગેરે મળી સાડા 6 હજાર રોપાઓનો ઉછેર થઈ રહ્યો છે. આવા 'નમો વડ વન'માં ટપક સિંચાઈ પદ્ધતિ અને માટલા પદ્ધતિથી પાણીના મર્યાદિત ઉપયોગ સાથે છોડનો ઉછેર કરવામાં આવે છે.

ઉપરાંત 'નમો વડ વન' લોકો માટે પર્યાવરણ પ્રિય પ્રવાસન સ્થળ, પ્રવાસન આકર્ષણ કેન્દ્ર બને તે માટે ચિલ્ડ્રન પ્લે એરિયા, યોગ પ્લેટફોર્મ, બેસવા માટે બેન્ચીઝ સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

તો આ તરફ ગાંધીનગરના વન ચેતના કેન્દ્ર ખાતે વન અને પર્યાવરણ વિભાગ તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ જાગૃતિ સેમિનાર તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

----------------

# AMC CM MELLION TREE

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અમદાવાદ ખાતે વૃક્ષારોપણ કરીને 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ' અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો..

મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતેથી AMCના વિવિધ પર્યાવરણલક્ષી પ્રકલ્પોનો આરંભ કરાવ્યો હતો.. AMTS દ્વારા નવા શરૂ કરવામાં આવનાર મેટ્રો કનેક્ટિવિટી ફીડર રૂટ અને રિવરફ્રન્ટના નવા રૂટ પરની ઈલેક્ટ્રીક બસોનું પણ મુખ્યમંત્રીએ લીલીઝંડી ફરકાવીને લોકાર્પણ કર્યું હતુ. સાથોસાથ મુખ્યમંત્રીએ અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત રીડ્યુશ, રીયુઝ, રીસાયકલ  થ્રી આર વાનનો પણ આરંભ કરાવ્યો હતો.

----------------------------

# G.P.C.B.

રાજ્ય સહિત દેશભરમાં પર્યાવરણીય મુદ્દાઓ પર જાગૃતિ લાવવા અને પગલાં લેવા માટે આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન આર.બી. બારડે આકાશવાણી સાથેની વાતચીતમાં પર્યાવરણ જાળવણી માટેની લોકોને અપીલ કરી હતી..

(બાઈટ - GPCB ચેરમેન આર.બી. બારડ)

................................

## DIU PARYAVARAN DAY

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના દગાચી નક્ષત્ર વન ખાતે આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી  કરવામાં આવી હતી.. આ વર્ષના પર્યાવરણ દિનની થીમ સૂકીભઠ જમીનને વૃક્ષારોપણ કરી ફળદ્રુપ કરવી છે... આ થીમને સાર્થક કરવા આજે નક્ષત્ર વન માં 100 થી વધારે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, આ પ્રસંગે દીવ જીલ્લા ના ડીએફઓ હર્ષરાજ વાઠોરેએ વધુને વધુ  વૃક્ષારોપણ કરવાનો સંદેશો પાઠવ્યો હતો..

(બાઇટ- હર્ષરાજ વાઠોરે, ડીએફઓ, દિવ)

.................

## AHMEDBAD CIVIL HOSPITAL ANGADAN

અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં 155મા અંગદાન થકી લિવર, 2 કિડની તથા હૃદય સાથે કુલ ચાર અંગોનું દાન મળ્યું છે. આ રીતે સિવિલ હૉસ્પિટલને ફક્ત સાડા ત્રણ વર્ષમાં 500થી વધુ અંગનું દાન પ્રાપ્ત થયું છે.

સિવિલ હૉસ્પિટલનાં સુપરિન્ટન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, હાલમાં અમદાવાદમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના 32 વર્ષીય શ્રમિકને પહેલી

જૂને તબીબોએ બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. તબીબોની ટીમે તેમના પરિવારજનોને અંગદાન અંગે સમજાવતા તેમણે બ્રેઈનડેડ શ્રમિકના અંગદાનનો નિર્ણય કરતાં તેમની 2 કિડની, એક લિવર તેમ જ એક હૃદયનું અંગદાન સિવિલ હૉસ્પિટલને મળ્યું છે. સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ કહ્યું, આ અંગોને સિવિલ મેડીસિટી કેમ્પસની જ કિડની હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરી ચાર લોકોના જીવ બચાવી શકીશું.

..........

## KUTCH GANDHIDHAM DRUGS

કચ્છમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો, સ્થાનિક ગુના શાખા અને ગાંધીધામ બી વિભાગ પોલીસે સંયુક્ત કામગીરી કરી 130 કરોડ રૂપિયાના માદક દ્રવ્યનો જથ્થો પકડી પાડ્યો છે. ખારીરોહર નજીક નિર્જન વિસ્તારમાંથી પકડાયેલા આ માદક પદાર્થની શુદ્ધતા જાણવા ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાની મદદ લેવામાં આવી છે.

ઉપરાંત આ માદક પદાર્થની વધુ જથ્થાની આશંકા હોવાથી પોલીસે ડ્રોન કેમેરાથી સમગ્ર વિસ્તારમાં સઘન શોધખોળ પણ હાથ ધરી હતી.

-----------------